**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ.,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા.૩૯૦૦૦૭**
**સમક્ષ**
**કેસ નં. એમજી. IV -૧૬૨**

**અરજદાર.** રાભાજી પ્રતાપજી ઝાલા,
ઠે.બેટાવાડા, તા.કપડવંજ, જી.ખેડા.

**રજુઆત કરનાર.** રાભાજી પ્રતાપજી ઝાલા,
વિરૂધ્ધ્

**સામાવાળાઃ** નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ.,
પેટા વિભાગીય કચેરી, કપડવંજ

**રજુઆત કરનાર.** શ્રી જી.એસ.પટેલ, નાયબ ઇજનેર એમજીવીસીએલ, કપડવંજ

તા.૧૪.૩.૧૪ ની ફરીયાદીની પીડીસી કનેકશન રીકનેકટ કરવા માટેની ફરીયાદ

તા.૧૯.૩.૧૪ ના રોજ ફરીયાદ કન્ઝયુમર ગ્રીવન્સ રીડ્રેસલ ફોરમ સમક્ષ સાંભળવામાં આવી .જેમાં ફરીયાદી રાભાજી પ્રતાપજી ઝાલા જાતે હાજર રહયા તથા સામાવાળા તરફે શ્રી જી.એસ.પટેલ, નાયબ ઇજનેર એમજીવીસીએલ, કપડવંજ હાજર રહયા બન્ને પક્ષકારો ને સાંભળ્યા.

**કેસની ટુંકમાં વિગત નીચે મુજબ છે.**

૧. ફરીયાદીએ તા.૧૧.૧૨.૧૨ ના રોજ પી.ડી.સી. વિજ જોડાણ પૂનઃ ચાલુ કરાવવા માટે રજીસ્ટ્રેશન કરાવેલ.

૨. ફરીયાદીએ પોતે ખૂબ જ ગરીબ છે તેમ જણાવેલ છે તથા વહેલામાં વહેલી તકે વિજ કનેકશન મેળવવા માંગણી કરેલ છે.

૩. ફરીયાદીએ જાતે હાજર રહી જણાવેલ છે કે હું ખૂબ જ ગરીબ છું મને વહેલામાં વહેલી તકે વિજ કનેકશન આપશોજી.

૪. સામાવાળા એજીવીસીએલ તરફે શ્રી જી.એસ.પટેલ, નાયબ ઇજનેર એમજીવીસીએલ, કપડવંજ એ હાજર રહી જણાવેલ છે કે, ફરીયાદીએ એજી પી.ડી.આર.સી. કનેકશન લેન્ડ સર્વે નં.૩૩ થી સર્વે નં.૨૨૫/૨ માં શીફટ કરાવવા માટે તા.૧૧.૧૨.૧૨ ના રોજ અરજ કરેલ છે તે મુજબ તેઓનો જી.પી. નં.૮૫ છે.

ફરીયાદીની અરજી સેલ નં.કેડબલ્યુઆર/ટી/૨૩૫૫ તા.૧૭.૪.૧૩ ના રોજ એપ્રુવલ માટે ડીવીઝન ઓફીસમાં મોકલેલ છે.

વધુમાં જણાવેલ છે કે, હાલમાં એજીપીડીઆરસી કેસમાં જી.પી. નં.૬૬ સુધી ફર્મ કવોટેશન ઇસ્યુ કરવામાં આવેલ છે અને ત્યાર પછીના જી.પી.નં.પેન્ડીંગ છે તેથી અમો બાકીના અરજદારો માટે આગળ કાર્યવાહી કરી શકીએ નહીં હાલના ફરીયાદીનો જી.પી. નં.૮૫ છે.

૫. ફોરમના સભ્યોએ સુનવણી દરમ્યાન બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા રજુ કરેલ દસ્તાવેજ ધ્યાને લીધા ફરીયાદીનો જનરલ પ્રાયોરીટી નં.૮૫ છે તથા અત્યાર સુધીમાં જી.પી. નં.૬૬ સુધીના ગ્રાહકોને ફર્મ કવોટેશન ઇસ્યુ કરવામાં આવેલ છે. હાલના ફરીયાદીનો જનરલ પ્રાયોરીટી નંબર આવે ત્યારે તેઓનું કનેકશન રીલીઝ કરવામાં આવે તે ન્યાય સંગત છે.

૬. હાલના કેસમાં ફરીયાદી ગ્રાહકને તેઓના ક્રમ મુજબ કનેકશન રીલીઝ કરવું.

# હુકમ

ફરીયાદીમાં રાભાજી પ્રતાપજી ઝાલા, ઠે.બેટાવાડા,તા.કપડવંજ, જી.ખેડા ને હુકમ કરવામાં આવે છે કે એમ.જી.વી.સી.એલ. અગ્રતાક્રમ પ્રમાણે કનેકશન આપવા માટે લીધેલ નિર્ણય યોગ્ય છે.

| | | |
|---|---|---|
| **(એમ.એમ.મરાઠે)** | **(હર્ષા એસ.ચૌહાણ)** | **(પી.જે.પટેલ)** |
| **(ટેકનિકલ મેમ્બર)** | **(ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર)** | **(ચેરપર્સન)** |